મહારાષ્ટ્ર શાસન
સાંસ્કૃતિક કાર્ય વિભાગ,
મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમી
ઓલ્ડ કસ્ટમ હાઉસ, વિકાસ વિભાગ, બીજો માળ, શહીદ ભગતસિંહ માર્ગ, મુંબઈ – 400 001.
mhsahityaacademy@gmail.com ☎ 022-2267 2539 mahasahitya.org Maha Sahitya

---

## (બ) પુસ્તક પ્રકાશન યોજના

**યોજનાનો ઉદ્દેશ્ય:-**

ગુજરાતી ભાષામાં ઉત્તમ લેખનને પ્રોત્સાહન આપવા માટે તથા ગુજરાતી સાહિત્યકારોની કૃતિઓને પ્રકાશિત કરવાનો અને શ્રેષ્ઠ સાહિત્યને વાચક વર્ગ સુધી લઈ જવા માટે આ યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

**યોજનાનું સ્વરૂપ, પાત્રતા અને નિયમો:-**

- સાહિત્યકારોએ આવેદનપત્રની સાથે સાહિત્યકૃતિની બે નકલો સ્વચ્છ હસ્તલિખિત/ટાઇપ કરીને અકાદમીના કાર્યાલયમાં મોકલવી અનિવાર્ય છે.
- સાહિત્યકારોને પુસ્તકના પ્રકાશન માટે અંદાજિત ખર્ચનું વિવરણ (Estimate) આવેદનપત્રની સાથે જોડવું અનિવાર્ય છે.
- પસંદ કરેલી હસ્તલિખિત સાહિત્યકૃતિના પ્રકાશનની વ્યવસ્થા લેખકને પોતે જ કરવી પડશે અથવા પ્રકાશન સંસ્થા દ્વારા પુસ્તક છાપવાની પ્રક્રિયા કરાવવી પડશે. પ્રકાશન સંસ્થા દ્વારા પ્રમાણિત કરેલી પ્રકાશનની અવધિની વિગત આવેદનપત્રની સાથે જોડવી અનિવાર્ય છે.
- પુસ્તક પ્રકાશન અનુદાન, પ્રદાન કર્યા બાદ પુસ્તકનું પ્રકાશન નિર્ધારિત સમયમાં કરવું આવશ્યક છે.
- સાહિત્યકૃતિ પ્રકાશિત થયા બાદ એની 25 નકલો વિનામૂલ્યે અકાદમીને આપવી જરૂરી છે.
- સાહિત્યિક કૃતિઓનું પ્રકાશન કરતી વેળાએ પુસ્તકના પ્રથમ પાને નિમ્નલિખિત સંદેશ ગુજરાતી ભાષામાં પ્રકાશિત કરવો અનિવાર્ય છેઃ

**આ પુસ્તક મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમીની**
**'પુસ્તક પ્રકાશન અનુદાન યોજના' હેઠળ પ્રકાશિત કરવામાં આવ્યું છે.**

- સાહિત્યકાર/લેખકની સાહિત્યકૃતિને એકવાર અનુદાન પ્રાપ્ત થયાં પછી આગામી પાંચ વરસ સુધી એ જ લેખકને પુસ્તક પ્રકાશનનું અનુદાન આપવામાં આવશે નહિ.
- મહારાષ્ટ્ર રાજ્યમાં 15 વર્ષથી નિવાસ કરનારા ગુજરાતી સાહિત્યકાર પાત્ર બનશે. (15 વર્ષનું નિવાસી પ્રમાણપત્ર અનિવાર્ય છે.) અને એમના જ પુસ્તકને અનુદાન પ્રદાન કરવામાં આવશે.
- શાસનની આ યોજના અંતર્ગત એક વાર લાભ મેળવ્યા પછી સાહિત્યકારને આગામી પાંચ વરસ સુધી આ યોજનાનો લાભ મળશે નહિ.
- કોઈપણ ખાનગી સંસ્થા, રાજ્ય સરકાર અથવા કેન્દ્ર સરકારની ગ્રાન્ટથી પ્રકાશિત થનારા કોઈપણ પુસ્તકને આ યોજના હેઠળ અનુદાનનો લાભ મળશે નહીં.
- આ અનુદાન માત્ર મૂળ (original) સાહિત્યકૃતિને જ મળશે. પુનર્મુદ્રણ અથવા પછીથી પ્રકાશિત કૃતિને અનુદાન મળશે નહિ.
- આવેદનપત્રમાં ખોટી માહિતી આપી હશે તો એની સંપૂર્ણ જવાબદારી સાહિત્યકારની રહેશે. આવા સાહિત્યકારને આપવામાં આવેલું અનુદાન અકાદમી દ્વારા પાછું ખેંચી લેવામાં આવશે અને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.
- આયોજના હેઠળ અનુદાનની મંજૂરી માટે અકાદમીનો નિર્ણય આખરી રહેશે. અનુદાન-મંજૂરી ના મળવા પર કોઈ પણ પ્રકારનો પત્ર-વ્યવહાર કરવામાં આવશે નહિ અને પ્રાપ્ત કરેલી હસ્તપ્રતો પાછી આપવામાં આવશે નહિ.
- સાહિત્યક્ષેત્રમાં નિમ્નલિખિત વાઙ્મયપ્રકાર આ યોજનાને પાત્ર બનશે.
  કવિતા, નવલકથા, લઘુકથા, નાટક/એકાંકી, લલિત, બાળસાહિત્ય, નવોદિત સાહિત્ય, પ્રકીર્ણ.

## અનુદાનનું સ્વરૂપઃ-

- અકાદમીની સમિતિ દ્વારા જે સાહિત્યકૃતિને અનુદાન મંજૂર થયું હોય, એ સાહિત્યકૃતિના પ્રકાશન માટે સાહિત્યકાર દ્વારા બિડેલા અંદાજિત ખર્ચમાં ઉલ્લેખિત ખર્ચની 50 ટકા રકમ અથવા રૂ. 20,000/- આમાં જે રકમ ઓછી હશે, તે અનુદાન-સ્વરૂપે પ્રદાન કરવામાં આવશે.